**આશ્રમશાળાની માન્યતા રદ થવાથી/ વર્ગો બંધ થવાથી ફાજલ થયેલ કર્મચારીઓને અન્ય આશ્રમશાળામાં સમાવવા બાબત.**

ગુજરાત સરકાર,

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,**

ઠરાવ ક્રમાંક: SJED/ASC/e-file/17/2022/0016/K,

સચિવાલય,ગાંધીનગર.

તા. /૦૬/૨૦૨૪

**વંચાણે લીધા:-**

(૧)આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૧/૧૨/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક: બઠક/૨૦૧૫/મંત્રી-૬/ધ.

(૨)સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩૦/૦૪/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક: અમશ/૧૦૧૭/૨૦૫૧૫૦/૬૫૨/ગ

(૩)નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ)નો તા.૨૫/૦૧/૨૦૨૪નો પત્ર ક્રમાંક: અજાક/ગ/આ.શા./૨૦૨૪/૪૭૧.

(૪)નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ)નો તા.૦૧/૦૨/૨૦૨૪નો પત્ર ક્રમાંક: અજાક/ગ/આ.શા./૨૦૨૪/૫૧૦.

(૫)શિક્ષણ વિભાગનો તા.૧૦/૦૧/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: ખમશ/૧૩૧૦/૧૨૦૧/ગ.

**આમુખ:-**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળની રાજ્યમાં આવેલ આશ્રમશાળાઓમાં પુરતા વિદ્યાર્થીઓ ન મળવાના કારણે વર્ગો બંધ થતાં સંચાલક સંસ્થા દ્વારા આશ્રમશાળાનો વહીવટ યોગ્ય રીતે ન થવાના કારણે, આશ્રમશાળાની કોઇ ગેરરીતિ સરકારશ્રીના ધ્યાને આવે તેવા સંજોગોમાં આશ્રમશાળાની માન્યતા રદ કરવામાં આવતી હોય તેવી આશ્રમશાળાના શૈક્ષણિક/બિનશૈક્ષણિક કર્મચારીઓને રક્ષણ આપી અન્ય આશ્રામશાળામાં સમાવવા માટે નિયમોમાં કોઇ જોગવાઇ થયેલ નથી. કેટલાક કિસ્સાઓમાં સંચાલક સંસ્થાઓની ભૂલના કારણે આશ્રમશાળા બંધ કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે ત્યારે આશ્રમશાળાના કર્મચારીઓને વાંક-ગુના વગર સહન કરવું પડતું હોય છે.

આશ્રમશાળાના કર્મચારીસુ.શ્રી પુષ્પાબેન વાળા દ્વારા ફાજલનું રક્ષણ મેળવવા બાબતે નામ.ગુજરાત હાઇકોર્ટ ખાતે સ્પે.સિ.એ.નં.૧૯૫૧૬/૨૦૨૩ દાખલ કરવામાં આવેલ. જે અન્વયે નામ.ગુજરાત હાઇકોર્ટના તા.૦૯/૧૧/૨૦૨૩ના ઓરલ ઓર્ડરથી તેઓને ફાજલનું રક્ષણ આપવા અંગે નિર્ણય લેવા જણાવેલ છે.

આશ્રમશાળાના કર્મચારી સુ.શ્રી શર્મિષ્ઠાબેન જીવાભાઇ પટેલ અને સુ.શ્રી મનિષાબેન આર. પરમાર દ્વારા દાખલ કરેલ સ્પે.સિ.એ.નં.૨૦૪૭૭/૨૦૨૩ અન્વયે નામ.ગુજરાત હાઇકોર્ટ દ્વારા તા.૦૬/૧૨/૨૦૨૩ના ચુકાદાથી પીટીશનરશ્રીઓને અન્ય આશ્રમશાળામાં સમાવવા અંગે ચુકાદો આપેલ છે.

આદિજાતિ વિકાસ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક(૧) પરના તા.૨૧/૧૨/૨૦૧૬ના ઠરાવથી જે તે આશ્રમશાળાઓ/ ઉત્તર બુનિયાદી/ ઉચ્ચત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાંથી ફાજલ થતાં શૈક્ષણિક/ બિનશૈક્ષણિક કર્મચારીઓને અન્ય આશ્રમશાળાઓ/ ઉત્તર બુનિયાદી/ ઉચ્ચત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં સમાવવાની મંજૂરી આપવામાં આવેલ છે.

આમ, નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ)ના વંચાણે લીધેલ ક્રમાંક(૩) પરના તા.૨૫/૦૧/૨૦૨૪ અને ક્રમાંક(૪) પરના તા.૦૧/૦૨/૨૦૨૪ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત તેમજ ઉક્ત ફકરામાં દર્શાવેલ કોર્ટકેસના ચુકાદા તેમજ અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓના શિક્ષણના હિતમાં આશ્રમશાળામાં હાલમાં ફાજલ પડેલ શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓને ફાજલનું રક્ષણ ખાસ કિસ્સામાં આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે વિભાગ હેઠળની નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની અનુદાનિત આશ્રમશાળાઓ બંધ થવાના કારણે, વર્ગોમાં ઘટાડો થવાને કારણે તથા આશ્રમશાળાઓની માન્યતા રદ્દ થવાના કારણે આશ્રમશાળાઓમાંથી ફાજલ પડેલ નીચે પત્રકમાં દર્શાવ્યા મુજબના કુલ-૧૦ શૈક્ષણિક/ બિનશૈક્ષણિક કર્મચારીઓને અન્ય આશ્રમશાળામાં નીચેની શરતોને આધિન નિયમિત સમાવેશ કરવાનું આથી ઠરાવવામાં આવે છે. સદર કર્મચારીઓને નિયામકશ્રી(અ.જા.ક.)ના વંચાણે લીધેલ ક્રમાંક(૪) પરના તા.૦૧/૦૨/૨૦૨૪ના પત્રથી મોકલી આપેલ મંજૂર ખાલી જગ્યાઓની વિગતો અનુસાર સમાન જગ્યા પર અથવા સમાન જગ્યા ઉપલબ્ધ ન હોય તો સમાન વેતનવાળી અન્ય જગ્યા/નીચેની જગ્યા પર સમાવિષ્ટ કરવાની આથી ખાસ કિસ્સામાં મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | આશ્રમશાળાનું નામ |
|---|---|---|---|
| ૧ | ઘરણીયા વિપુલભાઈ રમેશભાઈ | મદદનીશ શિક્ષક | માધવાનંદ આશ્રમ શાળા, પાલડી તા.શિહોર, જિ.ભાવનગર |

| | | | |
|---|---|---|---|
| ૨ | ખીમસુરીયા પ્રવિણભાઈ કરશનભાઈ | મદદનીશ શિક્ષક | સંસ્કાર ભારતી આશ્રમશાળા, મુ. વાળુકડ, તા. પાલીતાણા, જિ.ભાવનગર |
| ૩ | બાંભણીયા મહેન્દ્રભાઈ મેઘજીભાઈ | મદદનીશ શિક્ષક | મંગલમંદિર આશ્રમશાળા,માનગઢ, તા.પાલીતાણા, જિ.ભાવનગર |
| ૪ | ચૌહાણ પ્રવિણકુમાર હમીરભાઈ | મદદનીશ શિક્ષક | શ્રમજીવી આશ્રમશાળા, મુ.ચાલાસણ, તા.જોટાણા, જિ.મહેસાણા |
| ૫ | પરમાર જીતેન્દ્રકુમાર રામાભાઈ | મદદનીશ શિક્ષક | શ્રમજીવી આશ્રમશાળા, મું.ચાલાસણ, તા.જોટાણા, જિ.મહેસાણા |
| ૬ | પરમાર સંજયકુમાર પુરષોત્તમભાઈ | મદદનીશ શિક્ષક | શ્રમજીવી આશ્રમશાળા, મું.ચાલાસણ, તા.જોટાણા, જિ.મહેસાણા |
| ૭ | ચૌહાણ અશ્વિનકુમાર હિરાભાઈ | મદદનીશ શિક્ષક | અનુસૂચિત જાતિ આશ્મશાળા, મુ.મંડાલી, તા.જિ.મહેસાણા |
| ૮ | પટેલ શર્મિષ્ઠાબેન જીવાભાઈ | મદદનીશ શિક્ષક | ઋતુવિરાજ આશ્રમશાળા, લવારપુર,તા.જિ.આશ્રમશાળા |
| ૯ | પરમાર મનિષાબેન આર. | મદદનીશ શિક્ષક | ઋતુવિરાજ આશ્રમશાળા, લવારપુર,તા.જિ.આશ્રમશાળા |
| ૧૦ | પુષ્પાબેન કેશવભાઈ વાળા | કમાઠી | મંગલમંદિર આશ્રમશાળા,માનગઢ, તા.પાલીતાણા, જિ.ભાવનગર |

**શરતો:-**

(૧) સ્વૈચ્છિક નિવૃત્તિ લીધેલ, વય નિવૃત્ત થયેલ, મૃત્યુ પામેલ શિક્ષકોના કેસ (Reopen) કરવાના રહેશે નહી.

(૨) શિક્ષક/કર્મચારીને સમાવવા બાબતે નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ ખાતાનો આદેશ આખરી ગણવામાં આવશે અને જો સંબંધિત શિક્ષક/કર્મચારી તેને ફાળવેલ જગ્યા પર નહિં જાય તો, તેને નોકરી પરથી છુટા કરવામાં આવશે.

(૩) ફાજલનું રક્ષણ મેળવનાર કર્મચારી જેટલો સમય કામગીરી વિના ફાજલ રહે તેટલા સમયગાળાના પગારભથ્થાં મળવાપાત્ર રહેશે નહિ તેમજ આ સમયગાળો કોઇપણ સેવાકીય લાભો માટે ગણતરીમાં લેવાનો રહેશે નહિ.

(૪) સરકારના ઠરાવ કે પરિપત્રો કે અન્ય કોઈ પણ જગ્યાઓ ઉલ્લેખ કરવામાં આવેલ હોય તો પણ જે તે આશ્રમશાળામાં બીજી કોઈપણ આશ્રમશાળામાં જગ્યા ના હોય તો કન્યા આશ્રમશાળામાં પણ પૂરૂષ કર્મચારીને ફાળવવામાં આવશે અને કન્યા આશ્રમશાળાએ સ્વીકારવાના રહેશે.

(૫) ફાળવવામાં આવેલ શિક્ષક/કર્મચારીને જો સંસ્થા–આશ્રમશાળા દ્વારા હાજર કરવામાં ન આવે તો તેવા કિસ્સામાં જેટલો સમય આવા કર્મચારીને કામ વગર પગાર ચુકવવો પડે તે ખર્ચ સંસ્થા/આશ્રમશાળાની ચુકવવાપાત્ર નિભાવ ગ્રાન્ટમાંથી કાપી લેવામાં આવશે. જો આશ્રમશાળાને મદદનીશ શિક્ષકના પગાર જેટલી નિભાવ ગ્રાન્ટ મળવાપાત્ર ન હોય તો તેવી શાળાની નોંધણી રદ્દ કરવા માટે નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણએ સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી (અ.જા.) ના પરામર્શમાં રહી કાર્યવાહી કરવાની રહેશે.

(૬) ફાજલ શિક્ષક/કર્મચારીને પ્રથમ સંબંધિત જિલ્લામાં અને ત્યાં જગ્યા ન હોય તો નજીકના જિલ્લાની શાળામાં સમાવેશ કરવામાં આવશે અને તે પ્રમાણે પણ જગ્યા ન હોય તો રાજ્યના ગમે તે જિલ્લાની શાળામાં સમાવવામાં આવશે. અને ત્યાં જવું તેને માટે ફરજીયાત રહેશે.

(૭) ઉપર્યુક્ત શિક્ષક/કર્મચારી ફાળવણી વગર ફાજલ ન રહે અને કામગીરી વિના પગાર ચૂકવણી ન કરવી પડે તેની તકેદારી તમામ જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) એ રાખવાની રહેશે. આવા કોઈ કેસ સરકારના ધ્યાનમાં આવશે તો તે માટે સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી (અ.જા.) અંગત રીતે જવાબદાર ગણાશે.

(૮) હાલમાં જે આશ્રમશાળા ચાલુ છે તેમાં પણ શિક્ષણ વિભાગના અદ્યતન હુકમોને આધારે ઉપલબ્ધ વિદ્યાર્થીઓની સંખ્યા-વર્ગો અને જે તે વિષયના શિક્ષકના કામના ભારણને ધ્યાને લઈ આશ્રમશાળાઓ માટે વિદ્યાર્થી-વર્ગ દીઠ શિક્ષક રેશિયો નક્કી કરવાનો રહેશે અને તે મુજબ ઉપર્યુક્ત ૦૯ પૈકીના શિક્ષકોથી ભરવાપાત્ર ખાલી જગ્યાઓ ભરવાની રહેશે. આ માપદંડ મુજબ વિચારણા કર્યા બાદ સામાન્ય રીતે જે તે વિષયના સૌથી જુનીયર શિક્ષકને અન્ય આશ્રમશાળામાં સમાવેશ કરવાના રહેશે.

(૯) કોઈ પણ આશ્રમશાળામાં શૈક્ષણિક/ બિનશૈક્ષણિક કર્મચારીની જગ્યા ભરવાના પ્રસંગે રોસ્ટર પોઈન્ટ પ્રમાણે જે તે જગ્યાના અનામત કક્ષાના ઉમેદવારથી ભરવાની થતી હોઇ અને જે તે વિષયના શિક્ષક-કર્મચારી નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણની કચેરી પાસે ઉપલબ્ધ હોય તો તેવા સંજોગોમાં ઉપલબ્ધ શિક્ષક-કર્મચારીથી જે તે જગ્યા ભરવાની રહેશે અને રોસ્ટર પોઈન્ટ આગળ ખેંચી લેવાનો રહેશે.

(૧૦) આવા શિક્ષક/ કર્મચારી જે આશ્રમશાળામાંથી છૂટા થયેલ હોય તે આશ્રમશાળા શરૂ થયા ને પાંચ વર્ષની અંદર બંધ થયેલ ન હોવી જોઈએ.

(૧૧) આશ્રમશાળામાં વર્ગો બંધ થવાને કારણે શિક્ષક/કર્મચારી ફાજલ થાય તે શાળાને આવો વર્ગ બંધ થયા પછી પાંચ વર્ષ સુધી નવો વર્ગ કોઈપણ સંજોગોમાં આપવામાં આવશે નહી.

(૧૨) આ રીતે ફાજલ કરીને અન્યસ્થ આશ્રમશાળામાં સમાવવામાં આવેલ શિક્ષક/કર્મચારીને તે આશ્રમશાળાની પ્રવરતા યાદીમાં સૌથી નીચે મુકવામાં આવશે અને તેઓ સૌથી જુનિયર ગણાશે.

(૧૩) આશ્રમશાળાની શૈક્ષણિક કામગીરીને વિપરિત અસર ન થાય તે માટે આશ્રમશાળાની સિનીયોરીટી મુજબ શિક્ષક કાર્યભારના માપદંડ પ્રમાણે જો પૂરતો કાર્યભાર સંભાળતા હશે તો તેમને શાળામાં ચાલુ રાખવાના રહેશે. પરંતુ, સિનીયોરિટી મુજબ સીનીયર હોવા છતાં જો પૂરતો કાર્યભાર ન ધરાવતાં હોય તો તેમને અન્ય અશ્રમશાળામાં સમવવા અંગે કાર્યવાહી કરવાની રહેશે.

(૧૪) આ પ્રકારે શિક્ષક-કર્મચારીને અન્ય આશ્રમશાળાની ખાલી પડેલ જગ્યા ઉપર સમાવેશ કરતાં અગાઉ જે આશ્રમશાળામાં સમાવવાના છે તે આશ્રમશાળાની મંજુર થયેલ જગ્યાઓ પૈકી ખાલી જગ્યાઓ ધ્યાને નહીં લેતાં શિક્ષણ વિભાગના અધતન વખતોવખતના હુકમો અનુસાર મળવાપત્ર શિક્ષક-કર્મચારીની સંખ્યા ધ્યાને લઈ બાકી રહેતી ખાલી જગ્યાઓ ઉપર સમાવવાના રહેશે.

(૧૫) જે શિક્ષક-કર્મચારી અન્ય આશ્રમશાળામાં સમાવવાપાત્ર હોય તેવા શિક્ષક-કર્મચારીને અન્ય આશ્રમશાળામાં સમાવવાની કામગીરી નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ ખાતા અથવા તેમના દ્વારા સત્તા આપવામાં આવેલ હોય તેવા તેમની કચેરીના અધિકારીશ્રી દ્વારા ભરવાની રહેશે. વહીવટી વિભાગ હેઠળની અનુદાનિત આશ્રમશાળાઓ પૈકી જ્યાં શિક્ષક-કર્મચારીની વધુ અછત હોય અને જેના કારણે બાળકો–વિધાર્થીઓના શિક્ષણને અસર થતી હોય તેવી અનુસુચિત જાતિ વિસ્તારની અંતરિયાળ વિસ્તારની આશ્રમશાળાઓની જગ્યાઓ ભરવાને પ્રાથમિકતા આપવાની રહેશે.

(૧૬) જો અંતરિયાળ વિસ્તારની આશ્રમશાળાઓમાં પુરતી સંખ્યાંમાં શિક્ષક ઉપલબ્ધ હોય તો જે તે આશ્રમશાળામાં અન્ય જગ્યા હોય તો તેમાં જ પ્રથમ સમાવવાના રહેશે. જો તે આશ્રમશાળામાં જગ્યા ના હોય તો પ્રથમ સબંધિત તાલુકામાં પછી નજીકના તાલુકામાં અથવા પછી જિલ્લામાં અન્ય ખાલી જગ્યામાં મૂકવા. પરંતુ, જે આશ્રમશાળામાં સમાવવાના છે તે આશ્રમશાળાની મંજુર થયેલ જગ્યાઓ પૈકીની ખાલી જગ્યાઓ ધ્યાને નહિ લેતાં શરત ક્રમ-૮ માં જણાવ્યા અનુસાર કાર્યભારને આધારે ભરવાપાત્ર જગ્યા ઉપર સમાવવાના રહેશે.

(૧૭) આશ્રમશાળામાં ફરજ બજાવતાં શિક્ષક જેવા કે, ચિત્રકામ, સંગીત અને ઉધોગ જેવા વિષયના શિક્ષક અને તેમના વિષયને અનુરૂપ અન્ય અનુદાનિત આશ્રમશાળાઓમાં ખાલી જગ્યા ઉપલબ્ધ ન હોય તેવા કિસ્સામાં આવા શિક્ષકોને ગ્રંથપાલ તેમજ કારકૂન સંવર્ગની બિન શૈક્ષણિકની જગ્યાઓમાં તેમને મળતાં પગાર અને પગાર ધોરણમાં રક્ષણ આપીને સમાવેશ કરી શકાશે. ભવિષ્યમાં આ પ્રકારની ખાસ વિષયની ખાલી પડતી કે નવી ઉભી થયેલ જગ્યાઓ પર નવી જગ્યાઓ પર નવી ભરતી ન કરતાં બિન શૈક્ષણિક જગ્યાઓ પર કામગીરી કરતાં આવા શિક્ષકોથી જ ભરવાની રહેશે.

(૧૮) કોઈ પણ સંજોગોમાં આવા શિક્ષક-કર્મચારીને સરકારી કચેરીઓમાં સમાવી શકાશે નહીં કે લોન સેવા તરીકે પણ સમાવી શકાશે નહીં.

(૧૯) અન્ય આશ્રમશાળામાં સમાવવાપાત્ર થતાં શિક્ષક-કર્મચારીને જે તે આશ્રમશાળાના બંધ થયાના ત્રણ માસમાં અન્ય આશ્રમશાળામાં સમાવવાના રહેશે. આ અંગે આશ્રમશાળાઓના બાળકોના શિક્ષણના હિતને તથા જાહેરનાણાંનો દુર્વ્યય ના થાય તે માટે તાત્કાલિક કાર્યવાહી નિયત સમયમર્યાદામાં પુર્ણ કરવાની રહેશે.

(૨૦) આ જોગવાઈઓને કારણે આશ્રમશાળાઓનું સંચાલન કરતી સંસ્થાઓનું આશ્રમશાળા બંધ કરવા તરફી વલણ ન થઈ જાય તે માટે જરૂરી પગલાં લેવાની જવાબદારી નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ ખાતાની રહેશે.

(૨૧) શિક્ષણ વિભાગ દ્વારા આયોજવામાં આવતાં ગુણોત્સવ કાર્યક્રમની જેમ વહીવટી વિભાગ હેઠળની આશ્રમશાળાઓમાં આપવામાં આવતાં શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે સંસ્થાનું નિરીક્ષણ–ઈન્સ્પેક્શન કરી મૂલ્યાંકન કરવાનું રહેશે અને મૂલ્યાંકનને આધારે તેમજ પરિણામ આધારિત અનુદાન નીતિનો અમલ કરવાનો રહેશે.

(૨૨) કમાઠીની જગ્યાનાં કિસ્સામાં આ જગ્યાની સમકક્ષ પટાવાળાની જગ્યા પર સમાવી પટાવાળા તરીકેની કામગીરી કરાવવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૧૫/૦૬/૨૦૨૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

**( જીગર પટેલ )**

**નાયબ સચિવ**

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**

**નકલ રવાના:-**

- માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.

- મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, બ્લોક નં.૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી(વિજાક), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ ઠરાવ વિભાગની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા સારૂ.
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૪

Signature Not Verified
Signed by:Jigar Patel
Deputy Secretary
Date:2024.06.21
10:35:10 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign